ક્રમાંક: બ/જમન/ટે.૧૨/૩૫૬૨-૬૧/૨૦૧૫-૧૬
**નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,**
(ક્ષેત્રીય) વન વિભાગ, 'વન વિહાર'
ઠે. ટી.વી. રીલે કેન્દ્ર સામે, સુરેન્દ્રનગર
તારીખ : ૨૮/૧૦/૨૦૧૫

પ્રતિ,
કાર્ય પાલક ઈજનેરશ્રી,
સૌરાષ્ટ્ર બ્રાંચ કેનાલ,
ડિવિજન.નં.૫/૧,
ધ્રાંગધ્રા.

**વિષય :-** પ્રપોજલ ફોર સીકીંગ પ્રાયોર એપ્રુવલ ફોર એકયુરીંગ ફોરેસ્ટ લેન્ડ ફોર કન્સ્ટ્રકશન ઓફ ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક ઓફ ધ્રાંગધ્રા બ્રાંચ કેનાલ.( ચે. ૦ ટુ ૧૨૬ કી.મી.).

**સંદર્ભ:-** (૧)અત્રેના પત્રાંક:- બ/જમન/ટે.૧૨/૨૩૪૧-૪૨ તા. ૩૦/૭/૧૫
(૨)અત્રેના પત્રાંક:- બ/જમન/ટે.૧૨/૩૧૬૭-૬૮ તા. ૧૦/૦૯/૧૫

સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભ તળેના પત્રો અન્વયે જણાવવાનું કે આપની ઉપરોકત વિષયવાળી દરખાસ્ત અન્વયે કરવાની થતી સંયુકત સ્થળ ચકાસણી આપના તાબાના સુરેન્દ્રનગર અને ધ્રાંગધ્રાના લાગુ અધિક મદદનીશ ઈજનેરશ્રીઓ ધ્વારા તા.૧/૧૦/૧૫ના રોજ વન વિભાગના અધિકારીશ્રી અને કર્મચારીશ્રી સાથે કરાવવામાં આવતા દરખાસ્તમાં દર્શાવેલ કુલ દશ ગામો પૈકી ત્રણ ગામો જસમતપુર, બાઈસાબગઢ અને ગોપાલગઢમાં આવતી વન જમીનમાં બનાવવાની થતી કેનાલ અંગે ફકત મધ્ય રેખા દર્શાવેલ છે. જયારે કેનાલની પહોળાઈ અંગે ડિમાર્કેશન કરવામાં આવેલ નથી તેમજ બાકી રહેતા સાત ગામોમાં બનાવવાની થતી કેનાલ અંગે વન જમીનમાં કોઈ ડિમાર્કેશન કરવામાં આવેલ નથી. આ ડિમાર્કેશનની કામગીરી અત્રેના સંદર્ભ-૧ તળેના પત્રથી જણાવ્યાને બે માસ જેવો સમય વ્યતિત થયેલ હોવા છતા આપના તરફથી પુર્ણ કરવામાં આવેલ નહોય કેનાલની લાઈન દોરીમાં આવતા વન જમીનના વૃક્ષો અંગે માર્કિંગ ખરડો તૈયાર થઈ શકે નહી.

આમ સદર દરખાસ્ત આપની ડિમાર્કેશનની કામગીરી કરવામાં આવેલ ન હોય પડતર રહેલ છે. જેથી આ કામગીરી તાત્કાલીક પુર્ણ કરવા આપના તાબાના અધિકારીશ્રી / કર્ચચારીશ્રીને જણાવવુ જેથી અત્રેના વિભાગ ધ્વારા કેનાલની લાઈન દોરીમાં આવતી વન જમીનના વૃક્ષોનો માર્કિંગ ખરડો તૈયાર કરી દરખાસ્ત મંજુરી અર્થે ઉપલી સતાએ સાદર કરી શકાય જેની જાણ થવા વિનંતી.

**(પ્રદીપસિંહ)**
નાયબ વન સંરક્ષક
સુરેન્દ્રનગર

**નકલ સાદર રવાનના:-** અ.અ.મુ.વ.સં.શ્રી, જમીન, ગુ.રા., ગાંધીનગર તરફ વિદિત થવા વિનંતી.
**નકલ સાદર રવાનના:-** મુ.વ.સં.શ્રી, જુનાગઢ વન વર્તુળ, જુનાગઢ તરફ વિદિત થવા વિનંતી.
**નકલ રવાના :-** રેંજ ફોરેસ્ટ ઓફીસરશ્રી, ધ્રાંગધ્રા રેંજ, ધ્રાંગધ્રા તરફ ઉપરોકત ડિમાર્કેશનની કામગીરી સાથે સાથે કેનાલના રૂટમાં આવતા કાપવા લાયક વૃક્ષોનો માર્કિંગ ખરડો તૈયાર કરી અત્રેને વહેલી તકે સાદર કરવા વિનંતી.